ગાંધીનગર સમાચાર
તા. ૮-૭-૨૦૧૫, બુધવાર

તંત્રી સ્થાનેથી....

માતૃત્વનું ગૌરવ કરતી સુપ્રીમ

પિતૃસત્તાક ભારતીય સમાજમાં સ્ત્રીને અર્ધાંગિની જરુર ગણવામાં આવે છે, પરંતુ એનું સ્થાન પુરુષ સમોવડિયું નથી ગણાયું. બાળપણમાં એણે પિતાના આધિપત્ય નીચે રહેવાનું હોય છે, સાંસારિક જીવન દરમિયાન પતિના વર્ચસ્વ તળે અને વૃદ્ધાવસ્થામાં પુત્રોના આશરે જીવવાનું રહે છે. એનાં બાળકો એથી સ્ત્રીના નામે ઓળખાતાં નથી. એમના વાલી તરીકે બાપનું નામ અને અટક જોડાય છે. નારી સ્વાતંત્ર્યની ચળવળમાં આ મુદ્દે ઘણો ઉહાપોહ થયો છે છતાં હજી પણ અદાલતો કેટલાક પરંપરાગત ખ્યાલો ધરાવે છે એની પ્રતીતિ એક ગેઝેટેડ ઓફિસર કક્ષાની મહિલાને નીચલી અદાલતથી લઇ હાઇકોર્ટ સુધીના ચુકાદાઓથી થઇ છતાં એણે મચક ન જ આપી અને પોતાના બાળકનું વાલીપણું માતા કેમ ન કરી શકે એ મુદ્દે સર્વોચ્ચ અદાલતમાં દાદ માગી. સર્વોચ્ચ અદાલતે નીચલી કોર્ટોના હુકમો નિરસ્ત કરી કુંવારી માતા પણ બાળકની ગાર્ડિયન બની શકે, એવો ચુકાદો આપી ખરેખર માતૃત્વનું ગૌરવ કર્યું છે, સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ વિક્રમજિત સેનની અધ્યક્ષતાવાળી ખંડ પીઠે હાઇકોર્ટ સહિત નીચલી અદાલતો દ્વારા બાળકની ગાર્ડિયનશિપ હાંસલ કરવા માટે માતાએ એના પિતાની મંજૂરી લેવી પડશે, એવો આગ્રહ સેવ્યો હતો તેને બિનજરુરી ગણાવ્યો છે. કુંવારી માતા એના બાળકના પિતાનું નામ જાહેર કરવા ન માગતી હોય અને બાળકને પૂર્ણપણે પોતાના હસ્તક રાખી ઉછેરવા માગતી હોય તો એમાં જુનવાણી વિચારસરણીવાળી જ્ઞાતિ કે સમાજને વાંધો હોઇ શકે, પરંતુ અદાલતે તો એનો હક્ક સ્વીકારીને રક્ષણ આપવું જ રહ્યું. જો અદાલતો પણ ખાપ-પંચાયતો જેવું જડ વલણ અપનાવી પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થાને જ પુરસ્કારતી રહેશે તો માતૃત્વનું ગૌરવ શી રીતે સચવાશે? આ સુરક્ષિત મહિલાએ તો ત્યાં સુધી જણાવ્યું કે જેના થકી મને આ બાળક પ્રાપ્ત થયેલ છે એ પુરુષને તો ખબર જ નથી કે તે મારા સંતાનનો બાપ છે. એવા પુરુષની મંજૂરી લેવા જવું પડે તે કેવું વાહિયાત લાગે! આખરે સુપ્રીમ કોર્ટે એની દાદ સાંભળીને જે નિર્ણય આપ્યો તેથી સ્ત્રીના માતૃત્વના અધિકાર તથા ગૌરવનું જ રક્ષણ થયું છે. પુરાણોમાં સત્યકામ જાબાલિનું દૃષ્ટાંત આવે છે. એને જયારે ગુરુકુળમાં અભ્યાસ માટે મોકલાવ્યો ત્યારે તે એના પિતાનું નામ નહોતો જણાવી શક્યો કારણ કે તેની માતા વારાંગના હતી. એની સત્ય નિષ્ઠા જોઇને ગુરુકુળના ઋષિએ કહ્યું હતું : તું અબ્રાહ્મણ નથી તાત! તું દ્વિજોત્તમ છે. માતા જાબાલા પરથી એની જાબાલિ ઓળખ સ્થાપિત થઇ હતી. એકવીસમી સદીમાં પણ માતા કરતાં પિતાને જ પ્રાધાન્ય આપવાની પરંપરા સામે સુપ્રીમ કોર્ટનો ચુકાદો ઐતિહાસિક લપડાક સમાન છે.

હમણાંથી એ ઓફીસ નથી જતો, રોજ સવારે રિયાજ કર્યા કરતો એ પણ ઘણા દિવસથી નથી કરતો, ઓરડાની બહાર પણ નથી નીકળતો, જોકે તેના ચહેરા પર ઉદાસીનતા પણ જોવા મળી નથી

આ શહેરમાં આવ્યે મને ઘણો સમય થયો નહોતો. જયારે હું પહેલીવાર અહીં આવ્યો ત્યારે આ શહેર શહેર જેવું ન હતું. હવે એ મોટું શહેર બની ગયું છે. તે સમયે હમણાં પડે છે એવી ગરમી પણ પડતી નહોતી. આટલાં બધાં મકાનો પણ ન હતા. લોકોની વસ્તી અને ગાડીઓ પણ નહોતી. મકાન આસાનીથી મળી જતા. અને ભાડાં પણ વધુ ન હતા. અણગમતા ત્રાસદાયક સમાચાર પણ સાંભળવા ન મળતા. આટલાં બધા અખબારો પણ નીકળતાં નહીં.

હવે તો આ શહેર બિલકુલ શહેર થઇ ગયું છે. અહીંના લોકો ખરેખર શહેરના થઇ ગયા છે. આ કોલાહલ, આ ખેંચતાણ, ડોળ અને કારણ વગરનો ઘોંઘાટ, પ્રદૂષણ, બહુ ઝડપથી આવી રહેલાં આ પરિવર્તનને જોઇ ઘણીવાર એમ થતું કે મારે ગામડે પાછો જતો રહું અને પોતાના ઘરમાં રહું. જેથી દર મહિનાની પાંચમી તારીખે મકાન માલિકને ભાડું આપવાની ચિંતા ન રહે.

ઘણાની જિંદગી કેટલી વ્યસ્ત રહેતી હોય છે. તો ઘણાને કેટલી ફૂરસત રહે છે. આ સ્વાગત રેસીડેન્સીની મોટી ઇમારતમાં જયાં હું રહું છું. તેમાં ઘણા ભાડુતો રહે છે. ફલેટમાં રહેતા એ લોકો કયાંના છે, કોણ છે, કેવા લોકો છે ખબર નથી. આ ભાડુતી ફલેટોમાં કોણ કયારે આવે છે અને કયારે અહીંથી જતા રહે છે એ ખબર જ પડતી નથી. પણ જયાં હું રહું છું તેની બાજુનાં ફલેટમાં એક માણસ બે-ત્રણ વર્ષથી રહે છે. એમ કહી શકાય કે એ માણસ અને હું બાજુ બાજુનાં ફલેટમાં રહીએ છીએ. તે ગંભીર અને મુડી પ્રકારનો છે. રોજ સવારે વહેલો ઉઠી જાય છે અને હાર્મોનિયમ વગાડી રિયાજ કરે છે. ખાસ કરીને ભજન, ગઝલ અને જૂના ગીતો ગાય છે. તડકો નીકળ્યા પછી જમવાનું બનાવે છે અને બરાબર સાડા દસે ઘેરથી નીકળી જાય છે. ફરી રોજ પાંચ વાગે ઘરે પાછો આવે છે. પણ એ પોતાના ફલેટના બારીબારણાં કયારેક ખુલ્લા રાખતો નથી. તે સામાન્ય પણ ખુબ સ્વચ્છ કપડાં પહેરે છે. તેના પહેરવેશથી એ બહું ભલો માણસ લાગે છે. અને તેનાં ગંભીર ચહેરો એ વાત જાહેર કરી દે છે તે અંદર ખુબ મોટું દર્દ સંઘરીને બેઠો છે. મેં કયારેક તેને હસતાં જોયો નથી કે કયારેય ખુશ થતાં પણ જોતો નથી.

તેના ફલેટમાં કોઇ તેનો મિત્ર આવ્યો હોય એવું પણ મને યાદ નથી. અને રજાના દિવસોમાં એ કયાંક ગયો હોય એવું પણ જાણમાં નથી. એટલે સુધી કે તહેવારના દિવસે પણ એ કયાંક જતો નથી. કે કોઇ સંબંધી તેને મળવા આવતું નથી. ટપાલી પણ કોઇ દિવસ તેની ટપાલ લાવ્યો હોય એવું જાણમાં નથી. આ બાબતે તેને પુછવાનું મને કયારેય મન થતું નથી. પણ તેના અને મારા વચ્ચે સારી મિત્રતા છે. જો કે અમે હૈયું ખોલીને એકબીજા સાથે વાતો કરતાં નથી. આજે તેણે મને મનહર ઉદાસની એક ગઝલ ખુબ ભાવવાહી રીતે ગાઇ સંભળાવી ત્યારે મેં તેને અચાનક પુછ્યું. 'તમે આવું સરસ ગાવ છો તો પછી કયાંક પ્રોગ્રામ કેમ આપતા નથી. હવે તો ઘણી ચેનલો આવી છે. કહેતા હોય તો કોઇને વાત કરીએ.'

તે ચોંકીને બોલ્યા ના..ના..ય એ બરાબર નથી, કોઇ રીતે ઠીક નથી. મારા માટે તો મારો આ ઓરડો અને શ્રોતા તરીકે તમે છો એટલું જ બસ છે. મારે પ્રચારમાં નથી પડવું નહીંતર એને ખબર પડી જશે કે હું અહીં છું.

'કોની વાત કરો છો?' મેં તેને પુછ્યું. પણ મારી વાત જાણે સાંભળી જ ન હોય તેમ કંઇ જવાબ આપ્યા વિના તેને

નવાં કલેવર

- નટવર હેડાઉ

હાર્મોનિયમ ઉપાડી તેની જગ્યાએ મુકી દીધું. મેં મારા આ પાડોશી સિવાય આવા સ્વભાવનો બીજો માણસ જોયો નથી. તે હાર્મોનિયમ લઇને ગાવા બેસે ત્યારે તેની પાસે બેસીને હું પણ એ ગીતોમાં ખોવાવા લાગું છું. પણ હું વિચારું છું કે મારે એના જેવા નથી થવું. હું એ નથી અને મારે તેના જેવા થવું પણ ન જોઇએ.

હમણાંથી એ ઓફીસ નથી જતો. રોજ સવારે રિયાજ કર્યા કરતો એ પણ ઘણા દિવસથી નથી કરતો. ઓરડાની બહાર પણ નથી નીકળતો. જોકે તેના ચહેરા પર ઉદાસીનતા પણ જોવા મળી નથી. મને રોજ જયારે તેનો રિયાજ સાંભળીને જાગી જવાની આદત પડી ગઇ હતી. તે રિયાજ નથી કરતો તેનો અફસોસ તેની જેમ મને પણ થતો હતો. છતાં એ બાબતે હું તેન પુછી શકતો નહોતો.

ઘણા દિવસો પછી એક દિવસ સવારે હાર્મોનિયમ વગાડી તેણે ફરી રિયાજ કર્યો. તે આઠ વાગ્યા સુધી ઘણાં બધાં ભજનો અને ગઝલો ગાતો રહ્યો. તેણે દરવાજો ખોલતાં જ મેં એક કપ ગરમ ચ્હા લઇ જઇ તેના ટેબલ પર મુકી. એ જ સમયે તે ચ્હા પી ગયો. ચ્હા પીતાં પીતાં તેણે ઓરડાની ચારે દિવલો તરફ જોયું. પછી હાર્મોનિયમને ઢાંકીને રાખતાં બોલ્યો.

'તમે રોજ સવારે મને આ રીતે ચ્હા પીવડાવો છો તેમાં મને મારા બાપુજી દેખાય છે. કેમ કે હું બાળપણથી લઇને કોલેજ સુધી ભણતર પુરું થયું ત્યાં લગી સવારમાં ઊઠીને વાંચતો. અને રોજ તમારી જેમ જ મારા બાપુજી આ રીતે ચ્હા લાવી મારા ટેબલ પર મુકતા. તેથી હું આ ચ્હા પીતા મારા બાપુજીની યાદમાં ખોવાઇ જાઉં છું. તમારા પ્રત્યે મને જે આદર છે તે બીજા કોઇ માટે નથી. મેં આજ સુધી તમારા માટે કયારેય કોઇ અનુચિત શબ્દ વાપર્યો નથી. મને ખબર છે મેં કયારેક તમને ન ગમે એવું કર્યું નથી. હાં એકવાર તમે મારા ઓરડામાં મુકવા માટે પ્લાસ્ટિકનાં ફૂલો લાવેલા તે રાખવાની મેં ના પાડેલી. પણ એનું મને દુઃખ નથી. પણ મને તમારાથી જે આત્મીયતા મળે છે અને આ ચ્હા તેનું ઋણ મારા પર રહેશે. સાંભળો છો હું આજ મારે ગામ, મારા ઘેર પાછો જાઉં છું. મારું ત્યાં પોતાનું ઘર છે. આટલું કહીને હાર્મોનિયમ વગાડી તેણે એક જૂનું ગીત ગાયું. બસ એ ગીત ગાઇને તેણે હાર્મોનિયમને બોક્સમાં મુકી દીધું અને તાળું લગાવ્યું.'

નીચે રસ્તા પર ગાડીનું હોર્ન કોઇ વગાડી રહ્યું હતું. તેમાંથી એક માણસ આવ્યો અને સીધો તેના ઓરડામાં આવી ગયો. તેને કોઇ સંબંધનું સંબોધન પણ કર્યું નહીં. બંનેએ મળી ઘરવખરીનો સામાન, કપડાંની બેગો, બિસ્તરા બધું ગાડીમાં ભરી દીધું. હાર્મોનિયમ તેને ખુદ ઉપાડ્યું અને ગાડીમાં સાચવીને મુક્યું.

તેનો સામાન વધુ ન હતો. તેથી એ ગાડીમાં સમાઇ ગયો. તે વખતે જ મકાન માલિક પણ આવી ગયો. તેણે મકાન માલિકને ભાડું આપતાં કહ્યુ, 'આજથી તમારો ફલેટ ખાલી થઇ ગયો. હું સવારમાં હાર્મોનિયમ વગાડતો તેથી તમારી ઊંઘ બગડતી હશે? મકાન માલિક નોટો ગણતાં બોલ્યો. મને તો તમે હાર્મોનિયમ વગાડતા એ ખબર જ પડી નથી. અમે તો સૌથી ઊપરના માળે રહીએ છીએ. ત્યાં કંઇ જ સંભળાતું નથી. મકાન માલિક બારણાંને તાળું લગાવી ચાવી લઇ ઉપરના માળ તરફ ચાલ્યો ગયો.'

તે માણસ મારા ફલેટમાં આવ્યો. મને ગળે લગાવ્યો. એક શબ્દ પણ બોલ્યો નહીં. ઓરડામાંથી બહાર નીકળી ગયો. મેં જલ્દી જલ્દી જઇ બાલ્કનીમાંથી જોયું તે માણસ ગાડીમાં બેસી ગયો અને મારી તરફ જોઇ હાથ જોડ્યા. જોત જોતામાં ગાડી તેને લઇ કયાં જતી રહી તેની ખબર જ ન પડી. તે માણસ ગયો તેનું મને દુઃખ લાગ્યું. રાતે પણ એ માણસ યાદ આવતો રહ્યો. કયાંથી આવ્યો હશે? તેને પોતાની બાબતે કોઇ દિવસ કંઇ કહ્યું જ નહીં. મેં પણ પુછ્યું નહીં. જતી વખતે તે કંઇ જ ન બોલ્યો. અચાનક જતો રહ્યો. સવાર થઇ તેના ઓરડામાંથી રિયાજનો ધ્વનિ સંભળાયો નહીં. મકાન માલિકે આવી ફલેટને તાળું ખોલી દીધું. 'કોઇ ભાડેથી રહેવા માટે પુછવા આવે તો કહેજો કે આ ફલેટ ખાલી છે. પરંતુ અત્યાર સુધી ભાડું પાંચ હજાર હતું હવે છ હજાર થશે.'

હું એ ખાલી ફલેટના બેઠક ખંડમાં ગયો. તેની દિવાલ પર એક પેઇન્ટીંગ લેવાનું તે ભુલી ગયેલો. તે ઉતારીને હું મારા ફલેટમાં લઇ આવ્યો. આ પેઇન્ટીંગમાં એ માણસે જ બનાવેલું. હતું. તેમાં એક એ માણસ અને એક સ્ત્રીનો આકાર જોઇ શકાતો હતો. જે તેના ખભા પર માથું મુકી બેઠેલ હોય તેમ લાગતું હતું. નીચે તેનું નામ લખ્યું હતું. તેનું નામ વાંચી મેં તેને ફરી યાદ કર્યો. હવે આ ફલેટમાં કેવો પાડોશી આવશે કોણ જાણે, પેલો માણસ અત્યારે કયાં હશે. શું કરતો હશે. શું ખબર પડે.

એકબીજાની ભૂલ જોવા જશો તો એકલા પડી જશો

પ્રેમની પૂર્વશરત જ એ છે કે સમજણપૂર્વકનો સ્વીકાર, તમને ગમતી વ્યક્તિ જેવી હોય એવી સ્વીકારી લો અને એને સમજવા પણ લાગો એ જ પ્રેમનો પ્રવેશક-આરંભ

મીરાંબાઈએ ગાયું છે ને કે એ રી મેં તો પ્રેમદીવાની, મેરો દર્દ ન જાને કોઈ...તમારી ગમતી વ્યક્તિ તમારું દર્દ તરત સમજી જશે. જે વ્યક્તિ તમારું દર્દ સમજી ન શકે તે તમારો પ્રેમ પણ નહીં સમજી શકે. એવી વ્યક્તિને વળગી રહેવાનો કોઈ જ મતલબ નથી.

પ્રેમદીવાના અને પ્રેમદીવાનીને કોઈ સમજી ન શકે. પરંતુ તેઓ એકબીજાને તો અવશ્ય સમજી જ શકે અને જો એકમેકને જ ન સમજી શકતા હોય એવી બે વ્યક્તિ વચ્ચે બીજું કશુંક હોઈ શકે, પ્રેમ તો ન જ હોય. કારણ કે પ્રેમની પૂર્વશરત જ એ છે કે સમજણપૂર્વકનો સ્વીકાર. તમને ગમતી વ્યક્તિ જેવી હોય એવી સ્વીકારી લો અને એને સમજવા પણ લાગો એ જ પ્રેમનો પ્રવેશક-આરંભ.

ઘણી વ્યક્તિઓનાં લગ્નજીવન યા પ્રેમજીવન એક સજીવ અને એક નિર્જીવના સરવાળા જેવા હોય છે. ખરેખર તો આવા સરવાળામાં ઘાત જ નીકળવાની. દીવાલ સાથે આખી જિંદગી વાતો કરવાથી તમને હોંકારો પણ સાંભળવા મળવાનો નથી. આથી જ દીવાલથી ઘેરાયેલા રહેવાનો પણ કોઈ અર્થ નથી. ચાર દીવાલની બહાર નીકળીને જુઓ તો ખરા, દુનિયા કેટલી વિશાળ છે અને વ્યાપક છે.

એક સરસ મજાનો પ્રસંગ છે. એક યુગલ પોતાના સંબંધથી અને જિંદગીથી ખુશ હતું. આમ છતા સ્ત્રીને એમ થતું કે તેની કેટલીક ભુલો થતી રહે છે. આથી સંબંધમાં ક્યારેક અડચણ પણ આવે છે. તેને એમ પણ થતું કે તેના સાથી-પુરુષની પણ ભુલો થાય જ છે ને.

આમ છતા સ્ત્રીએ એક દિવસ તેના પાર્ટનરને કહ્યું કે તમારે મારું એક કામ કરવાનું છે. મારી ભુલોની યાદી બનાવીને મને આપો. એ વાંચીને એમાંથી હું મારી રીતે સુધાર લાવવા પ્રયાસ કરીશ. એ જ પ્રમાણે હું પણ તમારી ભુલોની એક યાદી બનાવીને સાંજે તમને આપીશ. જેના ઉપરથી આપણે ક્યાં ક્યાં સુધરવાની અને આપણા સંબંધમાં ફેરફાર લાવવાની જરુર છે, એ સમજી શકીશું.

ગુલમહોર

- દિનેશ દેસાઇ

સ્ત્રીના સાથીએ તેને સમજાવી અને બોલ્યો કે, આવી રીતે ભુલોની યાદી બનાવવાની કોઈ જરુર નથી. એવું બધું તો ચાલ્યા કરે.

પરંતુ સ્ત્રીએ ખુબ આગ્રહ કર્યો કે, મારે સાંજ સુધીમાં તમારી પાસેથી યાદી જોઈશે. તમારે એ બનાવી આપવી જ પડશે અને હું પણ તમારા વિશે એક યાદી બનાવીને રાખીશ.

સ્ત્રીહઠ આગળ તો કોઈનું ના ચાલે. સાંજે જયારે પેલા સાથી યુવાને સ્ત્રીને મળીને એક કવર આપ્યું તો સ્ત્રી ખુબ ખુશ થઈ ગઈ. તેને એમ કે પોતાની ભુલોની યાદી મળી ગઈ છે. પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે કવરમાંથી ભુલોની યાદી ન નીકળી. યાદીના બદલે સાંજના શો-ટાઈમની નવી ફિલ્મની મલ્ટીપ્લેક્સની બે ટિકિટ હતી.

સ્ત્રીને હવે સાથીની ભુલોવાળી પોતે બનાવેલી યાદીનું કવર સાથીને આપવાની હિંમત જ ન ચાલી. તે ફક્ત એટલું જ બોલી શકી કે યાદીને બદલે આ ફિલ્મની ટિકિટો કેમ?

યુવાને કહ્યું કે, એવી રીતે તારી કે મારી ભુલોની કોઈ યાદી બનાવવાની ન હોય. જિંદગી આમ જ ચાલ્યા કરે. એકબીજાને ચાહતા હોઈએ ત્યારે એકબીજાને સમજતાં પણ રહીએ અને એકમેકનો સંપૂર્ણ સ્વીકાર પણ કરીએ, એનું નામ જ તો પ્રેમ. એટલે જ આપણે સાંજે ફિલ્મ જોવા પણ જઈશું અને પછી બહાર કોઈ રેસ્ટોરન્ટમાં પણ જઈશું.

સ્ત્રી ક્ષણભર માટે ઝાંખપ અનુભવી રહી. તેને એમ હતું કે પોતે પોતાના સાથીમાં પરિવર્તન લાવે. પોતાને ગમતા બીબાંમાં એને ઢાળવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો. બીજી તરફ સાથી યુવાને તો પોતાની પ્રિય જીવનસાથીને જેવી છે એવી જ સ્વીકારી લીધી હોવાનું પ્રમાણ પણ આપી દીધું.

પ્રેમમાં પરસ્પર આદર, પરસ્પર સ્વીકાર, પરસ્પર સમજણ અત્યંત જરુરી છે. પ્રેમમાં એકમેકને નહીં સમજી શકનાર યુગલને ખુદ સમય જ આપોઆપ અલગ કરી દે છે. પ્રેમ એટલે એકમેકનું સુખ પોતાનું કરવું એટલું જ નહીં, એકમેકનું દુઃખ પણ સમજવું અને વહેંચવું. સમજણ વિનાનો સંબંધ અલ્પજીવી હોય છે.

સ્ટોપર :

"ઉસને મેરા હાથ થામા થા, ઉસ પાર જાને કે લીયે,
ઔર મેરી એક હી તમન્ના થી, કભી કિનારા ના આયે"

ચિત્રોની ચતુરાઈ...!! નકલ પે મત જાવ, અપના હુન્નર દિખાઓ...!!

રંગબિરંગી રમણીય ચિત્રોમાં, મૌલિકતાનો ક્યાં મુકામ છે, કોપી-પેસ્ટના પાસ્ટ જમાનામાં, સર્જકોનો મોટો દુકાળ છે

મોહનભાઈ પરમાર, એક જાણીતા ચિત્રકાર. એમને એક યુવાનનો ફરીથી ફોન આવ્યો. ઉંમર હશે કદાચ પચીસેક વર્ષની.

'હેલ્લો, મારા ચિત્રો બતાવવાં આવું, પ્લીઝ? અઠવાડિયા પહેલાં પણ તમને ફોન કર્યો હતો. તમે કહ્યું હતું કે ફરીથી ફોન કરજે, સર પ્લીઝ એકવાર મારાં ચિત્રો જોઈ લો ને?'

'સારું સાંજે ચાર વાગે મારા સ્ટૂડિયો પર આવી જજે' આટલું કહેતા તો આ ભાઈ બપોરે બે વાગે જ મોહનભાઈના સ્ટૂડિયોની બહાર આવેલા લીમડાના ઝાડ નીતે બાઈક પર એનો સામાન લઈ, વારેઘડીએ ચાર વાગે એની રાહ જોતો ઘડિયાળમાં જોતો હતો.

એની પાસે ઘણાં ચિત્રો હતા. એક-બે જાડી-મોટી કેન્વાસ ફાઈલ્સ પણ હતી. કેટલાક છુટ્ટા કાગળીયા, એક-બે મોટા કેન્વાસ, ડ્રોઈંગ્સને ગોળ વાળીને એના કેસમાં ગોઠવીન ખભે ટાંગેલા હતા.

આટલાં બધાં ડ્રોઈંગ લઈને આવેલો એ જોઈ મોહનભાઈ જરા અકળામણ જ થઈ!

ચાર વાગ્યા, અને ડાકોરના મંદિરના દ્વાર ખૂલતાં જ જેમ ઠાકોરજીને પ્રમાણ કરવા ભક્તો દોટ મૂકે એમ એ યુવાન દોડ્યો, એમણે દ્વાર ખોલતાં જ પગે સાષ્ટાંગ દંડવત કર્યા...

'આટલા બધાં ડ્રોઈંગ્સ? પહેલાં થોડાં જ બતાવ' કોઈ પ્રખ્યાત મંદિરના ભગવાનનાં દર્શન માટે જેમ ૨ મીનીટ ફાળવવામાં આવે એમ જ આને સમય ફાળવાયો...

મોહનભાઈએ બે-ચાર ચિત્રો પલટાવીને જોયાં, ઑલ ઓવર જેમ આપણે એક નજર ફેરવીએ એમ જ!

સૌ પ્રથમ ગણપતિ, પછી મહાદેવ, સાંઈબાબા પછી કોઈ સ્વામી... એક પછી એક ચિત્રો એ મૂકતો ગયો.

'ઠીક છે, સારું છે, ઑકે છે' એવા ઉદ્‌ગાર મોહનભાઈ કરતાં રહ્યાં. એમની ચિત્રો જોવાની સ્પીડ વધવા લાગી, એ ફટાફટ પાના ઉથલાવતાં ગયાં...

ઐશ્વર્યા રાય, સચિન તેંડુલકર, અબ્દુલ કલામ, બચ્ચન, નરેન્દ્ર મોદી... વિશ્વવિખ્યાત સેલિબ્રીટી, પછી પોતાના જ ચિત્રો, પાછળ પોતાના પરિવારનાં, સંબંધીઓના, નાનકડાં બાળકોનાં, અને પોતાનું જ એક સુંદર પોટ્રીએટ બનાવેલું ચિત્ર...

પક્ષીઓ, ફૂલો, ઝાડ, પાન, ડુંગરા, સૂર્ય, ખળખળતી નદી, પ્રસિદ્ધ વૉટર ફોલ્સની પ્રતિકૃતિ, વૉટર કલરમાંથી બનતી ચાલી.

કેટલાક સ્કેચ પેન્સીલથી, ચારકૉલથી જેમ ઘસીને બનાવે એમ જ બનાવેલાં, કેનવાસ પર ઑઈલપેન્ટથી બનાવેલાં... શું નું શું હતું એના ખજાનામાં, આટલી નાની ઉંમરમાં આટલા બધાં ચિત્રો બનાવી ખરેખર જ કલામ કરી હતી...

એણે બધાં જ ચિત્રો પછી ભેગાં કરવા લાગ્યો, થેલામાં ન ગોઠવતાં જરા સાઈડમાં જ મૂક્યાં, ખિસ્સામાંથી સ્માર્ટ ફોન કાઢીને બોલ્યો,

'હજી મોબાઈસમાં ઘણાં છે, બધા લાવી નથી શક્યો, પણ એના ફોટા પાડેલાં છે, મોટર સાઈકલ પર આવ્યો છું અને હળવો વરસાદ પણ છે, એટલે...'

'રહેવા દે, પછી કયારેક જોઈશું. અને આ મોબાઈલમાં ચિત્રો જોવાય પણ નહીં. અસલ ચિત્ર અને એના સ્પર્શનો આનંદ કંઈ અલગ જ હોય.' અને મોહનભાઈ અચાનક જ બોલ્યા.

'તારાં ચિત્રો કયા છે?'

'સર, એટલે?'

'જી, તારાં ચિત્રો કયાં છે?'

'સર, આ મારાં જ ચિત્રો છે.'

ફરીથી પેલાં બધાં ચિત્રોને પોતાની પાસે ખેંચતા મોહનભાઈએ એક વૉટર કલર ચિત્ર બતાવીને પૂછ્યું.

'આ તારું છે?'

'હા, જે ડ્રોઈંગના સરના કલાસમાં જતો હતો, એમના ચિત્રના ફોટો પરથી જોઈને બનાવ્યું છે. એક મોટી પ્રિન્ટ એમણે અમને આપી હતી. મેં એમાંથી જોઈને જ હુબહુ બનાવ્યું છે. જૂઓને સરે મને 'એ ગ્રેડ' પણ આપ્યો છે.' યુવાન ઉત્સાહથી બોલતો હતો.

'આ અમિતાભનો સ્કેચ?'

'ગુજરાત સમાચારની શુક્રવારની ચિત્રલોક પૂર્તિમાંથી જોઈને બનાવ્યો છે. જુઓ બચ્ચન સરે મને એમનાં ઓટોગ્રાફ પણ કરી આપ્યાં છે.'

'આ પોટ્રેટ? બિસમિલ્લા ખાનનું છે ને?'

'જી, ગંગાના ઘાટ પર એમણે રાગ 'માલકૌસ' વગાડેલો, જેનો ફોટો ટાઈમ મેગેઝીનમાં કવર પર છપાયો હતો, એ જ છે.'

શહનાઈ સમ્રાટ બિસમિલ્લા ખાનના ચહેરા પર પેન્સિલની આછી એવી એક એક સેન્ટીમીટરની નાનકડી ચોકડીઓ હલકા હાથે દોરેલી દેખાતી હતી. બિચારા બિસમિલ્લા ખાન, માંડ માંડ કાબૂ કરી 'માલકૌસ'ની જગ્યાએ 'તોડી' ગાતા હોય એવું લાગતું હતું.

એટલામાં એક મોનાલિસા દેખાઈ.

'આ?'

'યસ, સર મારું જ છે. વર્લ્ડ ફેમસ આર્ટ મેગેઝીનમાં 'મોનાલિસાનો દુર્લભ ફોટો છપાયો હતો. તમે જોસો તો એને આઈબ્રો જ નથી. પણ એના હાસ્યના દર્શનમાં આ વાત તરફ કોઈનું ધ્યાન જ જતું નથી.' મોહનભાઈ એકટકે બધાં ચિત્રોની શાંતિથી અવલોકન કરતાં હતા. એમનાં મગજમાં ઘણી બધી વાતો ખટકી રહી હતી. એમને યુવાન તરફ એક નજર ફેરવી અને પૂછ્યું,

'રવિશંકર રાવળનું નામ સાંભળ્યું છે?'

'ના, સર'

'સારું, માધવ રામાનુજનું તો સાંભળ્યું હશે?'

'....' એકદમ શાંત રહ્યો.

'કશો વાંધો નહીં, તમે 'રમેશ પારેખ', 'ચિનુ મોદી' કે 'બેફામ' ના નામ સાંભળ્યાં છે?'

'હા, હા.. સાહેબ મને આ ત્રણેય ખબર છે, ગુજરાતના શ્રેષ્ઠ કવિઓ છે, સરસ મજાની કવિતા - ગઝલ લખે છે.'

'તને કોણ વધારે ગમે છે?'

'એમ ખાસ નક્કી નહીં, તો પણ રમેશ પારેખ વધારે ગમે.'

'એમનું એક પ્રસિદ્ધ કવિતાનું પુસ્તક મારી પાસે છે. તું મને એકદમ એની જેમ ક એક નોટબુકમાં લખી આપીશ? એકઝેટ એવું જ, કોઈ ભૂલ વગર, સુંદર અક્ષરમાં? બિલકુલ સેમ ટુ સેમ?'

'હા, હા, કેમ નહીં? હું એકદમ સરસ જ લખી આપીશ, તમે કોઈ ચિંતા કરતાં નહીં.'

'હવે મને એમ કહે કે જો તે એવું કર્યું તો તું રમેશ પારેખ જેવો કવિ બની જઈશ? અને એ બધી કવિતાઓ તારી થઈ જશે? કે પછી એ રમેશ પારેખની જ રહેશે?'

યુવાન એકદમ શૉક થઈ ગયો, એને ચિત્રકાર મોહનભાઈનો કટાક્ષ સમજાઈ ગયો હતો. એ નતમસ્તકે ઊભો રહ્યો.

'જો દોસ્ત, તું હજી યુવા છે, કલા તો તારામાં ભારોભાર છે જ, માત્ર આ કૉપી કરવાનું છોડ, પોતાની ઈમેજ બનાવ. તારી કલ્પનાશક્તિ પર સવાર થઈને જો, તું અવશ્ય મહાન ચિત્રકાર બનીશ!'

ચૂંટલો : કલા તો દરેકની પોતાની ક્રિએટીવીટીનો ભાગ છે, કોઈકને આદર્શ કે ગુરુ અવશ્ય બનાવાય, પણ એનાં જેવું જ શું કામ બનવું? કૉપી-પેસ્ટના જમાનામાં કો'ક જેવું તો જલ્દીથી બનાય, પણ આપણે યુનિક બનવું હોય તો સર્જકતાની કલામ બતાવીને જ સફળ બનાય.

સત્રના પહેલા દિવસે વર્ગખંડમાં જાઉ છું ત્યારે...

સત્રના પહેલા દિવસે અધ્યાપક તરીકે વર્ગમાં જવાની ક્રિયાનું પણ શા સ્ત્ર હોઈ શકે છે. પ્રથમ દ્રષ્ટિએ એ ભલે સામાન્ય ક્રિયા માત્ર લાગે પણ તેની પાછળ રહેલી વાસ્તવિકતા એ છે કે ધગધગતી જીજ્ઞાસા ધરાવતા વિદ્યાર્થીને સમાજ શિક્ષકના હાથમાં મૂકી રહ્યો છે. નાના બાળકને જેમ શારીરિક સાચવવાનું હોય છે તેમ આ યુવાશક્તિને યોગ્ય દિશા અને માર્ગદર્શન આપવાની શ્રેષ્ઠ કામગીરી કરવાની હોય છે. આપણા સાનિધ્યમાં તે કલાકોના કલાકો રહેવાનો છે અને દરેક ક્રિયાની અસર તે ઝીલવાનો છે. જગતના દરેક વિદ્યાર્થીના કેટલાક લક્ષણો નોંધી રાખવા જેવા છે જેમે કે, તે આકાશને બાથમાં લેવા થનગની રહ્યો/રહી છે, દુનિયાને જીતવાના સ્વપ્નો આખમાં આંજીને ફરે છે, માતાપિતાની ઈચ્છાઓને પૂરી કરવા લાલાયિત થયો/થયી છે. સમાજની રીતિનીતિ સમજવી છે, રાજકારણની હલચલ જાણવી છે, દેશની આજકાલને નીરખી રહ્યો/રહી છે તેવી એક ઉમદા વ્યક્તિત્વ ધરાવતી હસ્તીને આપણે ક્યારેક કહીએ છીએ કે આજકાલના વિદ્યાર્થીઓને સામાન્ય બાબતો પણ ખબર નથી હોતી. તેનામાં ગંભીતા જેવું કંઈ નથી, માત્ર ફિલ્મો અને મોબાઈલની દુનિયામાં મસ્ત છે. તે બાબતો કેટલાક અંશે સાચી પણ હોય તો શું આપણે પણ પ્રયત્ન છોડી દેવાના? આપણી કુશળતાનું શું ? આપણા અનુભવનું શું?

મારી દ્રષ્ટિએ અધ્યાપકે વર્ગમાં ત્રણ હેતુઓને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો રહ્યો. (હેતુ-૧) અભ્યાસક્રમલક્ષી શિક્ષણ, (હેતુ-૨) સામાન્ય જ્ઞાન સાથે સંકળાયેલ શિક્ષણ અને (હેતુ-૩) પ્રવૃત્તિલક્ષી જ્ઞાન (પ્રોજેક્ટસ) (કૌશલ્યવર્ધન) આધારિત શિક્ષણ. આ બધી બાબતોને સાકારીત કરવી આપણા માટે જરાપણ મુશ્કેલ નથી. આપણો અભ્યાસ અને આજના સમયની જરૂરીયાત તે દિશામાં જવા આંગળી ચીંધે છે. જો થોડી મગજમારી કરીશું તો અલગ અલગ સ્થાને આપણે આ બધુંજ ચર્ચામાં કે વાંચનમાં આવરી લેતા જ હોઈએ છીએ. જરૂર છે મા